

P.07

કૃતિ સેનન દુબઈમાં અફવાવાળા બોયફ્રેન્ડ કબીર બહિયા સાથે ફાઈટ નાઈટનો આનંદ માણે છે

ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

# લોક પત્રિકા

P.07

હવે હું સંપૂર્ણ માતા છું, પરિણીતી ચોપરાએ માતા બન્યા પછી એક રમુજી પોસ્ટ પોસ્ટ કરી



www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673

તંત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૪ અંક : ૮૨ । વિક્રમ સંવત ૨૦૮૨ : કારતક સુદ ૦૭ । પાના - ૦૮ । કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 04 • Issue : 82 • Dt.28-10-2025 Tuesday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmeddabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125


જમૈકાના તમામ એરપોર્ટ બંધ, વિનાશકારી પૂરની શક્યતા મેલિસા વાવાઝોડાના કારણે અનેક દેશોમાં ફફડાટ

07







07

માત્ર ૩૦ મિનિટના ગાળામાં સુપરપાવર અમેરિકાએ ગુમાવ્યા ૨ એરક્રાફ્ટ । દક્ષિણ ચીન સાગરમાં બબાલ

**લોખંડી પુરુષ સરદાર પટેલની**

## ૩૧ ઓક્ટોબરની એકતાનગર સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે 'એક ભારત શ્રેષ્ઠ ભારત'ની ભાવના ઉજાગર કરતી ઉજવણી કરવામાં આવશે

# ૧૫૦મી જન્મજયંતિની ઉજવણી ખાસ બનશે! ગુજરાતમાં યોજાશે દિલ્હી જેવી પરેડ

### આ વર્ષે સરદાર સાહેબની ૧૫૦મી જન્મજયંતિ વર્ષના ઉપલક્ષ્યમાં રાષ્ટ્રીય એકતા દિવસની શાનદાર અનોખી ઉજવણીનું બહુવિધ આયોજન કરવામાં આવ્યું

। પ્રતિનિધિ, ગાંધીનગર,તા.૨૭ ।

અખંડ ભારતના શિલ્પી લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિ ૩૧ ઓક્ટોબરની એકતાનગર સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે 'એક ભારત શ્રેષ્ઠ ભારત'ની ભાવના ઉજાગર કરતી ઉજવણી કરવામાં આવશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રેરણાથી દેશભરમાં સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિને રાષ્ટ્રીય એકતા દિવસ તરીકે ઉજવવામાં આવે છે. સરદાર સાહેબની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે દર વર્ષે વડાપ્રધાનશ્રીની પ્રેરક ઉપસ્થિતિમાં રાષ્ટ્રીય સ્તરના કાર્યક્રમો યોજવામાં આવે છે. આ વર્ષે સરદાર સાહેબની ૧૫૦મી જન્મજયંતિ વર્ષના ઉપલક્ષ્યમાં રાષ્ટ્રીય એકતા દિવસની શાનદાર અનોખી ઉજવણીનું બહુવિધ આયોજન કરવામાં આવ્યું છે. નવી દિલ્હીમાં દર વર્ષે પ્રજાસત્તાક દિવસ ૨૬મી જાન્યુઆરીએ યોજાતી પરેડની પેટર્ન પર જ આ વર્ષે ૩૧ ઓક્ટોબરે એકતાનગર ખાતે મુવિંગ પરેડ યોજવામાં આવશે. મુખ્ય સચિવ પંકજ જોશી અને પોલીસ મહાનિદેશક વિકાસ સહાયે આ ભવ્ય ઉજવણીના સમગ્ર કાર્ય આયોજન અંગેની વિસ્તૃત ભૂમિકા આપી હતી. તેમણે કહ્યું કે, રાષ્ટ્રીય એકતા દિવસની આ પરેડમાં બીએસએફ, સીઆઈએસએફ, આઈટીબીપી,સીઆરપીએફ,એસએસબી જમ્મુ કાશ્મીર, પંજાબ, આસામ, ત્રિપુરા, ઓડિશા, છત્તીસગઢ, કેરાળા, આંધ્રપ્રદેશ, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને એનસીસી મળીને કુલ ૧૬ કન્ટીજન્ટ્સ સહભાગી થશે.



આ પરેડનું નેતૃત્વ વિવિધ રંગબેરંગી વેશભૂષા અને અલગ-અલગ વાજિંત્રો સાથે હેરાલ્ડીંગ ટીમના ૧૦૦ જેટલા સદસ્યો કરવાના છે. એકતા પરેડમાં કર્ણપ્રિય સુરાવલિઓ રેલાવતા ૯ બેન્ડ કન્ટીજન્સ પણ જોડાવાના છે. ઉપરાંત રાજ્યકક્ષાએ વિજેતા થયેલા ગુજરાતના બે સ્કૂલ બેન્ડ તથા રાષ્ટ્રીય કક્ષાએ આયોજિત સ્કૂલબેન્ડ સ્પર્ધામાં વિજેતા બે સ્કૂલ બેન્ડ મળીને ચાર સ્કૂલ બેન્ડ દ્વારા બેન્ડ ડિસ્પ્લે પણ થવાના છે.મુખ્ય સચિવ અને પોલીસ મહાનિર્દેશકે કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશવાસીઓને લાલ કિલ્લાની પ્રાચીરથી આપેલો મંત્ર 'રાજ્ય અનેક રાષ્ટ્ર એક, સમાજ અનેક ભારત એક, ભાષા અનેક ભાવ એક અને રંગ અનેક તિરંગો એક'ને ચરિતાર્થ કરતા કાર્યક્રમો આ એકતા પરેડ અને રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણીને વધુ ગરિમામય બનાવશે.

### વાઇસ ચેરમેન તરીકે સતત બીજી વખત ભાવાભાઈ રબારીની નિમણૂક

# રાજ્યની બનાસ ડેરીના ચેરમેન તરીકે વિધાનસભા અધ્યક્ષ શંકર ચૌધરીની સતત ત્રીજી વખત નિયુક્તિ!

। પ્રતિનિધિ, પાલનપુર, તા.૨૭ ।

એશિયાની સૌથી મોટી બનાસ ડેરીમાં બોર્ડ ઓફ ડિરેક્ટરોની ચૂંટણી પૂર્ણ થયા બાદ લાભ પાંચમના પવિત્ર દિવસે બનાસ ડેરીમાં બોર્ડ ઓફ ડિરેક્ટરોની બેઠક મળી હતી. જે બેઠકમાં નવનિયુક્ત ચેરમેન અને વાઈસ ચેરમેનની નિયુક્તિ કરવામાં આવી છે. ત્યારે બનાસ ડેરીના ચેરમેન તરીકે સતત ત્રીજી વખત વિધાનસભા અધ્યક્ષ શંકર ચૌધરીની નિયુક્તિ કરાઈ છે, તો વાઈસ ચેરમેન તરીકે સતત બીજી વખત ભાવાભાઈ રબારીની નિમણૂક કરાતા તેમના સમર્થકોમાં ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે.બનાસકાંઠા જિલ્લામાં આવેલી બનાસ ડેરીના નિયામક મંડળની ટર્મ પૂરી થતાં થોડા દિવસો અગાઉ જ બનાસ ડેરીના નવા નિયામક મંડળ માટે ચૂંટણી યોજાઈ હતી.જેમાં ભાજપ દ્વારા મેન્ડેડ ફાળવી બનાસ ડેરીના ૧૬ ડિરેક્ટરોની નિયુક્તિ કરાવવાની હતી. જોકે ૧૬માંથી ૧૫ ડિરેક્ટરો ભાજપના મેન્ડેડ ઉપર બિનહરિત થઈ ગયા હતા, પરંતુ દાંતા બેઠક પર ભાજપના મેન્ડેડ સામે વર્તમાન ડિરેક્ટર દિલીપસિંહ બારડે બળવો કર્યો હતો અને જે બાદ દાંતા બેઠક પર ચૂંટણી યોજાઈ હતી, જેમાં ભાજપના મેન્ડેડ ધારી અમૃતજી ઠાકોર વિજેતા થતા બનાસ ડેરીમાં વધુ એક વખત શંકર ચૌધરીનો દબદબો જોવા મળ્યો છે.આ વિધિવત રીતે ચૂંટણી યોજાયા બાદ બનાસ ડેરીમાં નિયામક મંડળ નિમાઈ ગયા હતા, જેથી આજે લાભ પાંચમના પવિત્ર દિવસે નિયામક મંડળની પ્રથમ બેઠક મળી હતી અને તેમાં બનાસ ડેરીના નવા ચેરમેન અને વાઈસ ચેરમેનની નિમણૂક કરવામાં આવી છે, ત્યારે બનાસ ડેરીના નવા ચેરમેન તરીકે સતત ત્રીજી વખત શંકર ચૌધરી પર કળશ ઢોળાયો છે.







## ૧૦૮ ઈમર્જન્સી મેડિકલ સર્વિસિસે દિવાળીના

# પાંચ દિવસમાં ૨૮,૧૨૯ ઈમર્જન્સી કોલ્સ સફળતાપૂર્વક હેન્ડલ કર્યા

## દિવાળીના આ તહેવાર દરમિયાન હજારો પરિવારો માટે ૧૦૮ એમ્બ્યુલન્સ 'આશાની કિરણ'સાબિત થઈ

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૨૭ ।

ગુજરાતની ૧૦૮ ઈમર્જન્સી મેડિકલ સર્વિસિસ (ઈએમએસ)ની ટીમે દિવાળીના તહેવારો દરમિયાન અભૂતપૂર્વ સમર્પણ સાથે કાર્યક્ષમતાનું પ્રદર્શન કર્યું છે. ૧૦૮ ઈએમએસ દ્વારા દિવાળીના દિવસથી શરૂ કરીને ૨૪ ઓક્ટોબર સુધીના પાંચ દિવસના ટૂંકા ગાળામાં કુલ ૨૮,૧૨૯ ઈમર્જન્સી કોલ્સ સફળતાપૂર્વક હેન્ડલ કરવામાં આવ્યા છે, જે ગુજરાતના ઈમર્જન્સી મેડિકલ સેવાના ઈતિહાસમાં એક ગૌરવશાળી સિદ્ધિ છે.આ પાંચ દિવસ દરમિયાન ૧૦૮ દ્વારા દરરોજ સરેરાશ ૫,૬૨૬ ઈમર્જન્સી નોંધાઈ હતી, જે સામાન્ય દિવસોની દૈનિક સરેરાશ (૪,૮૨૫ ઈમર્જન્સી) કરતાં ૧૬.૫૯% નો નોંધપાત્ર વધારો દર્શાવે છે. આ સમયગાળા દરમિયાન, ૨૨ ઓક્ટોબર (નૂતન વર્ષના દિવસે) ૧૦૮ ઈએમએસ દ્વારા એક જ દિવસમાં અત્યાર સુધીના સૌથી વધુ ઈમર્જન્સી કોલ્સ હેન્ડલ કરવાનો રેકોર્ડ સર્જવામાં આવ્યો છે. આ દિવસે કુલ ૫,૮૭૪ ઈમર્જન્સી કોલ્સ હેન્ડલ થયા, જે સામાન્ય સરેરાશની તુલનામાં ૨૧.૭૪%નો વધારો સૂચવે છે.આ ઈમર્જન્સીમાં આટલો મોટો વધારો થયો હોવા છતાં ૧૦૮ની ટીમે ઝડપી પ્રતિસાદ અને સેવાઓની ગુણવત્તા જાળવી રાખવામાં સફળતા મેળવી છે.




આ સિદ્ધિ માટે અવિરત અને યશસ્વી ઈર્જ, પાઈલોટ્સ અને ઈમર્જન્સી રિસ્પ ોન્સ ઓફિસર્સને અભિનંદન પાઠવવામાં આવે છે.આ કામગીરીમાં ટેકનોલોજી અને નવીનતાનો અસરકારક ઉપયોગ મુખ્ય પ રિબળ રહ્યા છે. ઈમર્જન્સી રિસ્પોન્સ સેન્ટર (ઈઈઞ)ટીમે રિયલ ટાઈમ ઈન્ટરવેન્શન માટે લોકેશન બેઝ્ડ સર્વિસ, ઓટોમેટિક એમ્બ્યુલન્સ અસાઈનમેન્ટ, ડાયનામિક હોટસ્પોટ ટ્રેકિંગ તથા રિયલ ટાઈમ ડીવીએશન એલર્ટ સિસ્ટમ જેવી અદ્યતન સુવિધાઓનો ઉપયોગ કર્યો, જેના કારણે વધેલા કેસ છતાં કામગીરી સુચારુ રહી અને સેવામાં કોઈ ઘટાડો થયો નથી.૧૦૮ ઈએમએસની આ ઉત્કૃષ્ટ સિદ્ધિ પાછળ ગુજરાત સરકારના આરોગ્ય વિભાગનું સતત માર્ગદર્શન, સહયોગ અને નવીન ટેકનોલોજી અપનાવવા માટે આપવામાં આવેલી સ્વતંત્રતા મુખ્ય કારણ છે. રાજ્ય સરકાર દ્વારા ટીમને હંમેશાં "કોલ ઓફ ડ્યુટીથી આગળ જઈ શ્રેષ્ઠ સેવા આપવા" માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે.

## ઉના નજીક દરિયામાં મોટી દુર્ઘટના ટળી! 'સુરજ સલામતી' નામની ફિશિંગ બોટ દરિયામાં ગરકાવ

। પ્રતિનિધિ, ગીર-સોમનાથ, તા.૨૭ ।

ગીર-સોમનાથ જિલ્લાના ઉના નજીક નવાબંદરથી ૧૩ નોટિકલ માઈલ દૂર દરિયામાં એક મોટી દુર્ઘટના ટળી છે. તોફાની દરિયામાં 'સુરજ સલામતિ' નામની એક ફિશિંગ બોટ ડૂબી ગઈ હતી. જોકે, નજીકમાં રહેલી અન્ય બોટના ખલાસીઓની સમયસરની મદદથી બોટમાં સવાર આઠેય ખલાસીઓને સુરક્ષિત બચાવી લેવાયા હતા.પ્રાપ્ત વિગતો અનુસાર, કાના સોલંકીની માલિકીની 'સુરજ સલામતિ' (નંબર જીજે ૧૪ એમએમ ૨૦૧૦) બોટ ૨૪ ઓક્ટોબરના રોજ સાંજે ૪ વાગ્યે આઠ ખલાસીઓ સાથે નવાબંદર બંદરેથી ફિશિંગ માટે નીકળી હતી. ૨૫ ઓક્ટોબરની સાંજે જ્યારે બોટ નવાબંદરની સામે ૧૩ નોટિકલ માઈલ દૂર ફિશિંગ કરી રહી હતી, ત્યારે અચાનક વાતાવરણમાં પલટો આવ્યો હતો અને દરિયો ભારે તોફાની બની ગયો હતો. ઊંચા મોજા ઉછળવા લાગ્યા હતા અને દરિયાના પ્રવાહને કારણે ફિશિંગ કરવું મુશ્કેલ બન્યું હતું. બનાવ સમયે, ખલાસીઓ બોટના દોરડા છોડી રહ્યા હતા. તે જ ક્ષણે એક વિશાળ મોજાની થપાટથી બોટ પલટી ગઈ અને તેમાં ઝડપથી પાણી ભરાવા લાગ્યું. બોટ ડૂબવા લાગતા અરજણ બાંભણીયા, જેન્તી સોલંકી, બાબુ બાંભણીયા, લખમણ વાળા, ભનુ બાંભણીયા, ધર્મ બાંભણીયા, માધુ ચૌહાણ અને અરવિંદ બારૈયા સહિત આઠેય ખલાસીઓ જીવ બચાવવા માટે દરિયામાં કૂદી પડ્યા હતા.સદનસીબે, ખલાસીઓની બૂમો સાંભળીને નજીકમાં માછીમારી કરી રહેલી નવાબંદરના પુનાભાઈ ચીનાભાઈની માલિકીની 'સોનપ રી' નામની બોટ તાત્કાલિક મદદ માટે પહોંચી હતી. 'સોનપરી' બોટના ખલાસીઓએ સમયસૂચકતા વાપરીને ડૂબતા આઠેય ખલાસીઓને પોતાની બોટમાં ખેંચી લીધા હતા અને તેમને સુરક્ષિત રીતે કાંઠે પહોંચાડ્યા હતા.આ ઘટનાને કારણે બોટ માલિક અને માછીમાર સમુદાયમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે. ફિશિંગ બોટ ડૂબી જવાથી માલસામાન સહિત લાખો રૂપિયાનું મોટું નુકસાન થયું હોવાનો અંદાજ છે.

## ઇરાનના તહેરાનમાં ૪ ગુજરાતીઓનું અપહરણ કરી માંગી કરોડોની ખંડણી

। પ્રતિનિધિ, ગાંધીનગર, તા.૨૭ ।

ગાંધીનગર જિલ્લાના માણસાથી ઓસ્ટ્રેલિયા જવા નીકળેયા ૪ ગુજરાતીઓનું ઈરાનના તહેરાનમાં અપહરણ કરી કરોડો રૂપિયાની ખંડણીની માંગ કરવામાં આવી છે. મળતી માહિતી અનુસાર માણસા તાલુકાના બાપુપુરા ગામના ચાર યુવાનો ઓસ્ટ્રેલિયા જવા નિકળ્યા હતા. તેઓને સૌ પહેલા દિલ્હી લઈ જવામાં આવ્યા હતા. ત્યારબાદ એમીરેટસ એરલાઈન્સ દ્વારા દિલ્હીથી બેંગકોક, દુબઈ અને તહેરાનમાં લઈ જવામાં આવ્યા હતા. ઈરાનમાં તહેરાનના ઈમામ ખામેનીની ઈન્ટરનેશનલ એરપોર્ટ પર લેન્ડ થયા બાદ તેમને ટેક્સીમાં અપહરણ કરી કોઈ અજાણ્યા સ્થળે લઈ જઈ બંધક બનાવાયા હતા. અપહરણ બાદ બે કરોડની ખંડણી માગી હતી અને યુવકોને માર મારતો વીડિયો વોટસએપ કર્યો હતો. જ્યારે પીડિત પરિવારે ડરના માર્યા ૫૦ લાખ રૂપિયા આપ્યા હતા. આ સમગ્ર મામલે ધારાસભ્યએ ભારત સરકારને પત્ર લખ્યો છે.આ ઘટનામાં ભોગ બનનારમાં ત્રણ યુવાન અને એક યુવતી છે. આમાંથી એક કપલ એટલે પતિ-પત્ની છે. ૧. ચૌધરી અજયકુમાર કાંતિભાઈ,૨. ચૌધરી પ્રિયાબેન અજયકુમાર,૩. ચૌધરી અનિલકુમાર રઘજીભાઈ,૪. ચૌધરી નિખિલકુમાર રમણભાઈસ્થાનિક ધારાસભ્ય અને સરપંચ સમક્ષ આ સમગ્ર બાબત આવતાં ગઈકાલે જ ભારત સરકારને પત્ર લખ્યો હતો અને પીડિતોને બચાવવા માટે મદદની ગુહાર લગાવવામાં આવી હતી.

## ભારત સરકારના રેલ્વે મંત્રાલય હેઠળના નવરત્ન જાહેર ક્ષેત્રના ઉપક્રમ

# IRCTC પશ્ચિમ ક્ષેત્ર, મુંબઈ દ્વારા ઓગસ્ટ, સપ્ટેમ્બર ૨૦૨૫ માટે "શ્રેષ્ઠ કર્મચારી" તરીકે સન્માનિત કરાયા

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૨૭ ।

ભારત સરકારના રેલ્વે મંત્રાલય હેઠળના નવરત્ન જાહેર ક્ષેત્રના ઉપક્રમ, ઈન્ડિયન રેલ્વે કેટરિંગ એન્ડ ટુરિઝમ કોર્પોરેશન લિમિટેડ (IRCTC), તેના કર્મચારીઓના ઉત્કૃષ્ટ પ્રદર્શનને ઓળખવા અને પ્રોત્સાહિત કરવાની પરંપરા ચાલુ રાખે છે. આ પરંપરાને ચાલુ રાખતા, ઓગસ્ટ અને સપ્ટેમ્બર ૨૦૨૫ મહિના માટે કર્મચારી ઓફ ધ મન્થ એવોર્ડ્સ IRCTC પશ્ચિમ ક્ષેત્ર કાર્યાલય, મુંબઈ ખાતે રજૂ કરવામાં આવ્યા હતા.ઓગસ્ટ ૨૦૨૫ મહિના માટે - અશોક પાંડે, હોસ્પિટાલિટી મોનિટર, કેટરિંગ પ્રાદેશિક કાર્યાલય, અમદાવાદ, અને શ્રી વિજય ગાયકવાડ, સપોર્ટ સ્ટાફ, ટુરિઝમ પ્રાદેશિક કાર્યાલય, મુંબઈ,ને તેમના ઉત્કૃષ્ટ




યોગદાન બદલ સન્માનિત કરવામાં આવ્યા હતા.સપ્ટેમ્બર ૨૦૨૫ મહિના માટે રણવીર ચૌધરી, કેટરિંગ સુપ રવાઈઝર (CS), પુણે, અને શ્રીમતી લતા રાણે, સપોર્ટ સ્ટાફ, ફાઈનાન્સ વિભાગ, પ્રાદેશિક કાર્યાલય, મુંબઈ, ને તેમના પ્રશંસનીય કાર્ય માટે સન્માનિત કરવામાં આવ્યા હતા.પસંદ કરાયેલા તમામ કર્મચારીઓને તેમની વફાદારી અને સમર્પણનું પ્રતીક દર્શાવતા પ્રમાણપ ત્રો અને રોકડ પુરસ્કારો આપવામાં આવ્યા હતા.શ્રી ગૌરવ ઝા, ગ્રુપ જનરલ મેનેજર, IRCTC પશ્ચિમ ક્ષેત્ર, મુંબઈ દ્વારા એવોર્ડ એનાયત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે ઉપસ્થિત વરિષ્ઠ અધિકારીઓમાં હર્ષવર્ધન સિંહ રાવત, AGM (પર્યટન); વિજય કુંડલે, ડેપ્યુટી જનરલ મેનેજર (ફાઈનાન્સ); અને શ્રી નાગેશ ચૌધરી, મેનેજર (માનવ સંસાધન), IRCTC પશ્ચિમ ક્ષેત્ર, મુંબઈનો સમાવેશ થાય છે.ડૉ. એ.કે. સિંહ, પબ્લિક રિલેશન્સ ઓફિસર, IRCTC પશ્ચિમ ક્ષેત્ર, મુંબઈએ માહિતી આપી હતી કે આ અનોખી પહેલ ગ્રુપ જનરલ મેનેજર શ્રી ગૌરવ ઝા દ્વારા ચાલુ નાણાકીય વર્ષમાં શરૂ કરવામાં આવી હતી, અને આ યોજના હેઠળ અત્યાર સુધીમાં કુલ ૭ કર્મચારીઓને સન્માનિત કરવામાં આવ્યા છેં.ઈઋઞ પ શ્ચિમ ક્ષેત્ર તેના કર્મચારીઓમાં શ્રેષ્ઠતા, નવીનતા અને ગ્રાહક-કેન્દ્રિત સેવાની ભાવનાને પ્રોત્સાહન આપવા માટે આવા પ્રોત્સાહન અને માન્યતા કાર્યક્રમોનું આયોજન કરવાનું ચાલુ રાખશે.

## અમદાવાદ વડોદરા એક્સપ્રેસ હાઇવે પર ટ્રિપલ અકસ્માત : ત્રણ લોકોના મોત

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૨૭ ।

કણભા પાસે આજે ૨૭મી ઓક્ટોબરની સવારે કાર, ખાનગી લક્ઝરી અને ટ્રકનો ગોઝારો ટ્રિપલ અકસ્માત થયો છે. આ ગમખ્વાર અકસ્માતમાં ત્રણ લોકોના મોતના સમાચાર પણ સામે આવી રહ્યા છે. આ સાથે બસમાં બેઠેલા આઠ જેટલા લોકો ઈજાગ્રસ્ત થયાની પણ માહિતી મળી રહી છે. આ ઈજાગ્રસ્તોને સારવાર માટે લઇ જવામાં આવ્યા છે.આ અંગે મળતી પ્રાથમિક માહિતી પ્રમાણે, અમદાવાદ વડોદરા એક્સપ્રેસ હાઈવે પર હરણિયાવ ગામ પાસે કણભા પોલીસ સ્ટેશન હદમાં ટ્રિયલ અકસ્માત થયો છે. ખાનગી બસ (પટેલ ટ્રાવેલ્સ) અને એક ફોરવ્હીલર ગાડીનો અકસ્માત થયો હતો. જે અનુસંધાને તેઓ રોડ ઉપર ઉભા હતા. આ દરમ્યાન પાછળથી રાજસ્થાન પ ાસિંગની ટ્રકે ખાનગી બસને પાછળથી ટક્કર મારી દીધી હતી. આ ગોઝારી ટક્કર બાદ ટ્રાવેલ્સના પેસેન્જરમાંથી ત્રણ વ્યક્તિના મોત થયા છે. આ સાથે ખાનગી બસની અંદર બેઠેલા સાતથી આઠ મુસાફરોને નાની મોટી ઈજાઓ થઈ છે. તમામ ઈજાગ્રસ્તોને એમ્બ્યુલન્સ દ્વારા સારવાર અર્થે હોસ્પિટલ પહોંચાડવામાં આવ્યા છે.આ ટ્રિપલ અકસ્માત બાદ કાયદેસરની કાર્યવાહી ચાલુ છે. આ અકસ્માત બાદ રસ્તા પર ટ્રાફિક જામ થઇ ગયો હતો.

## અમરેલી પંથકમાં મોડી રાતથી કમોસમી વરસાદ વરસ્યો

। પ્રતિનિધિ, અમરેલી, તા.૨૭ ।

થોડા દિવસ પહેલા જ હવામાન દ્વારા અરબી સમુદ્રમાં ડીપ ડિપ્રેશન સિસ્ટમ સક્રિય થવાને કારણે રાજ્યામાં ભારેથી અતી ભારે વરસાદની આગાહી કરી હતી. તેથી ગુજરાતમાં હવામાન બદલાયું છે. ખાસ કરીને દરિયાકાંઠાના વિસ્તારોમાં ભારે પવન સાથે કમોસમી વરસાદ પડી રહ્યો છે.જેની અસર અમરેલીમાં પણ જોવા મળી છે. અમરેલી પંથકમાં મોડી રાતથી કમોસમી વરસાદ વરસી રહ્યો છે. રાજુલા, ખાંભા, ધારી ગીર અને જાફરાબાદમાં ધોધમાર વરસાદ વરસ્યો છે. રાજુલામાં છેલ્લા ૨૪ કલાકમાં ૯ ઈંચ ખાબક્યો વરસાદ વરસ્યો. ભારે વરસાદને લઈ રસ્તાઓ પર પ ાણી ફરી વળ્યા છે. લીલીયા ગ્રામ્ય વિસ્તારમાં મોડી રાત સુધી ધોધમાર વરસાદી ઝાપટા પડ્યા હતો. અને રાજુલા શહેર અને ગ્રામ્યમાં સૌથી વધુ વરસાદ નોંધાયો છે. માવઠાના કહેરના કારણે ખેડૂતોની હાલત કફોડી કરી નાખી છે.અમરેલીમાં ધાતરવડી ડેમ-૨ના એકસાથે ૧૯ દરવાજા ખોલવામાં આવ્યા હતા. ડેમના દરવાજા ખોલાતા નિચાણવાળા વિસ્તારોને એલર્ટ આપવામાં આવ્યો હતો. ખાખબાઈ, હિંડોરણા, વડ-રામપરા, ઉછેયા, ભેરાઇ, ભચાદર સહિતના ગામોને પણ એલર્ટ આપવામાં આવ્યા છે. ખાખબાઈ ગામમાં વરસાદી પાણી પ્રવેશતા લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.



મંત્રી પ્રફુલ પાનસેરિયા કહ્યું કે,

# ‘ખોરાકમાં ભેળસેળ કરનાર એક પણ વ્યક્તિને બક્ષવામાં નહીં આવે । આવા ભયંકર પાપ કરનારા લોકો સુધરી જાય’

**મંત્રી પ્રફુલ પાનસેરિયાએ નવ વર્ષના કામગીરીના પ્રથમ દિવસે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની સરપ્રાઈઝ વિઝીટ કરી હતી**

। પ્રતિનિધિ, ગાંધીનગર, તા.૨૭ ।

રાજ્યના આરોગ્ય અને પરિવાર કલ્યાણ (રાજ્ય કક્ષા સ્વતંત્ર હવાલો) મંત્રી પ્રફુલ પાનસેરિયાએ નવ વર્ષના કામગીરીના પ્રથમ દિવસે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની સરપ્રાઈઝ વિઝીટ કરી હતી. મંત્રીએ વિભાગના અધિકારીઓ-કર્મચારીઓને માનવતા, આધ્યાત્મિકતા સાથે લોકોની સેવા કરવા માર્ગદર્શન આપ્યું હતું.મંત્રીએ વિભાગની તમામ શાખાઓની મુલાકાત લઈ કર્મચારીઓ સાથે સંવાદ કર્યો હતો. મંત્રીએ કહ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કર્તા અને કર્મને એકમેકમાં ભળી લોકસેવાના હેતુથી સેવા અને સમર્પણ થકી કામગીરી કરવાની પ્રેરણા આપી છે ત્યારે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં મંત્રી ઋષિકેશ પટેલે આરોગ્ય વિભાગની ઉત્તમ કામગીરી નિભાવી, જેને આગળ ધપાવતા આગામી દિવસોમાં સમગ્ર આરોગ્ય વિભાગના કર્મીઓ સહકારની ભાવનાથી કર્મ કરી ગુજરાતની આરોગ્ય સેવાઓને સમગ્ર રાષ્ટ્રમાં પ્રથમ ક્રમાંકે પહોંચાડશે. કોરોના જેવી મહામારીમાં પણ ભારતના આરોગ્યતંત્રે પરિશ્રમ અને સ્વયંસૂઝથી તાત્કાલિક સુવિધાઓ વિકસાવી ઉત્તમ કામગીરી કરી હતી ત્યારે આગામી દિવસોમાં આરોગ્ય વિભાગ નવા સંશોધનોની કામગીરી સાથે ટંગ મેનેજમેન્ટ પર પણ ધ્યાન આપશે. દર્દી નારાયણની આત્મીયતાપૂર્વક સેવાઓને પ્રાધાન્ય આપવામાં આવશે.મંત્રીએ ભેળસેળ કરનારા તત્વોને ચેતવણી આપતા કહ્યું હતું કે, ખોરાકમાં ભેળસેળ કરનાર એક પણ વ્યક્તિને બક્ષવામાં નહીં આવે. આવા ભયંકર પાપ કરનારા લોકો સુધરી જાય નહીંતર આગામી દિવસોમાં તેના પર પણ કાર્યવાહી કરવામાં આવશે. આ સાથે જ આગામી દિવસોમાં આરોગ્ય વિભાગના સિવિલ હોસ્પિટલથી માંડી સી.એસ.સી., પી.એચ.સી. તથા તમામ આરોગ્ય કેન્દ્ર ખાતે પણ મેગા સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવશે.માર્ગદર્શક મુલાકાતની તકે અગ્ર સચિવ ધનંજય દ્વિવેદી, આરોગ્ય કમિશનર (ગ્રામ્ય) ડો. રતનકંવર ગઢવીચરણ, આરોગ્ય કમિશનર (શહેર ) હર્ષદ પટેલ સહિત આરોગ્ય વિભાગના તમામ અધિકારીઓ-કર્મચારીઓ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. રાજ્યના આરોગ્ય અને પરિવાર કલ્યાણ (રાજ્ય કક્ષા સ્વતંત્ર હવાલો) મંત્રી પ્રફુલ પાનસેરિયાએ નવ વર્ષના કામગીરીના પ્રથમ દિવસે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની સરપ્રાઈઝ વિઝીટ કરી હતી. મંત્રીએ વિભાગના અધિકારીઓ-કર્મચારીઓને માનવતા, આધ્યાત્મિકતા સાથે લોકોની સેવા કરવા માર્ગદર્શન આપ્યું હતું.મંત્રીએ વિભાગની તમામ શાખાઓની મુલાકાત લઈ કર્મચારીઓ સાથે સંવાદ કર્યો હતો. મંત્રીએ કહ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કર્તા અને કર્મને એકમેકમાં ભળી લોકસેવાના હેતુથી સેવા અને સમર્પણ થકી કામગીરી કરવાની પ્રેરણા આપી છે ત્યારે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં મંત્રી ઋષિકેશ પટેલે આરોગ્ય વિભાગની ઉત્તમ કામગીરી નિભાવી, જેને આગળ ધપાવતા આગામી દિવસોમાં સમગ્ર આરોગ્ય વિભાગના કર્મીઓ સહકારની ભાવનાથી કર્મ કરી ગુજરાતની આરોગ્ય સેવાઓને સમગ્ર રાષ્ટ્રમાં પ્રથમ ક્રમાંકે પહોંચાડશે.






પ્રજાપતિ યુથ ફાઉન્ડેશન સુરેન્દ્રનગર દ્વારા આયોજન કરવામાં આવશે

# સુરેન્દ્રનગરમાં હાર્ટ એટેક નહીં હાર્ટ એટેકના ડરથી બચો વિષય ઉપર સેમિનાર યોજાશે

। પ્રતિનિધિ, સુરેન્દ્રનગર, તા.૨૭ ।

હાલ ખાસ કરીને યુવાઓમાં હાર્ટ એટેકના બનાવોમાં ચિંતાજનક વધારો જોવા મળી રહ્યો છે, ઉપરાંત સૌરાષ્ટ્રમાં હાર્ટની બીમારીના કિસ્સા વધ્યા છે ત્યારે સુરેન્દ્રનગરમાં હાર્ટ એટેક નહીં હાર્ટ એટેકના ડરથી બચો વિષય ઉપર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. આ સેમિનારમાં ગુજરાતના હાર્ટ સ્પેશિયાલીસ્ટ ડો. સ્વપ્રિલ શાહ અને જાણીતા સ્પીકર જય વસાવડા ઉપસ્થિત રહેશે. સુરેન્દ્રનગર જિલ્લામાં પ્રથમ વખત પ્રજાપતિ યુથ ફાઉન્ડેશન દ્વારા હૃદય રોગ અને તેનો ડર દૂર કરવા અંગે જાગૃતિ ફેલાવવા દિલની વાતો નામથી સેમિનારનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ સેમિનારમાં હાર્ટ એટેક નહીં હાર્ટ એટેકના ડરથી બચો વિષય ઉપર ગુજરાતના જાણીતા હાર્ટ સ્પેશિયલિસ્ટ અને હાર્ટના ૫૦૦૦ જેટલા દર્દીઓનું નિદાન કરનાર ડૉ. સ્વપ્રિલ શાહ તબીબી ભાષામાં લોકોને વિગતવાર સમજણ પૂરી પાડશે. ઉપરાંત દેશ વિદેશમાં નામના મેળવનાર લેખક અને મોટીવેશનલ સ્પીકર જય વસાવડા પોતાની આગવી શૈલીમાં લોકોને જીવનમાં હળવાફૂલ બનીને રહેવા માટે અંગે સ્પીચ આપશે. સુરેન્દ્રનગરના પંડિત દીનદયાળ હોલ ખાતે આગામી ૨ નવેમ્બર ૨૦૨૫ને રવિવારના રોજ સાંજે ૫ કલાકે આ કાર્યક્રમ યોજાશે. આ સેમિનારના પાસ પ્રજાપતિ યુથ ફાઉન્ડેશનની સુરેન્દ્રનગર ઓફિસ ખાતેથી મળી શકશે. વધુ માહિતી માટે ભાવેશ પ્રજાપતિ મો. ૯૮૭૯૫ ૮૪૬૮૪ ઉપર સંપર્ક કરી શકો છો.

## અમદાવાદ : રાતે જ પત્નીનો ભાંડો ફૂટ્યો, પ્રેમી મળવા આવતા પતિએ રહેંસી નાખ્યો

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૨૭ ।

અમરાઈવાડી વિસ્તારમાં અનૈતિક સંબંધમાં એક યુવાનની હત્યાની ઘટના સામે આવી છે. આ બનાવે સમગ્ર વિસ્તારમાં ચકચાર મચાવી દીધી છે.

માહિતી મુજબ, અમરાઈવાડીના આદર્શ એપાર્ટમેન્ટમાં રહેનાર વિનોદ મલ્હા નામના વ્યક્તિએ પોતાની પત્નીના પ્રેમી ગોપાલ રાઠોડની છરીના ઘા મારી હત્યા કરી નાખી હતી. આ ઘટના સામે આવતા જ, પોલીસ દ્વારા આરોપી વિનોદ મલ્હાની ધરપકડ કરી તપાસ શરૂ કરવામાં આવી છે.


એએસપી કુણાલ દેસાઈએ જણાવ્યું હતું કે, ગઈકાલે ગોપાલ રાઠોડ આરોપી વિનોદ મલ્હાની ગેરહાજરીમાં તેની પત્ની નેહા મલ્હાને મળવા માટે તેના ઘરે ગયો હતો. પરંતુ અચાનક વિનોદ ઘરે આવી પહોંચ્યો હતો. તેણે પત્ની અને ગોપાલને સાથે જોયા બાદ બંને વચ્ચે તીવ્ર બોલાચાલી થઈ હતી.

આ દરમિયાન, ગુસ્સામાં વિનોદે રસોડામાંથી છરી લઈ ગોપાલ પર વાર કર્યો હતો. છરીના ઉપરાઉપર ચાર ઘા ઝીંકાતા ગોપાલનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું.

## સુરતમાં લસ્સી ગેંગના નરાધમોએ નજીવી બાબતે સગીરને પતાવી દીધો! પકડાયા તો ફેક્ચરનું નાટક

। પ્રતિનિધિ, સુરત, તા.૨૭ ।

થોડા દિવસ પહેલા શહેરના ભેસ્તાન વિસ્તારના ભીંડી બજારમાં બનેલી સનસનાટીભરી હત્યાકેસમાં કુખ્યાત સલમાન લસ્સી ગેંગના ત્રણ મુખ્ય આરોપીઓને પોલીસે પકડી પાડ્યા છે. જોકે ધરપકડ સમયે બે નરાધરોએ ફ્રેક્ચર પટ્ટીમાં લપેટાયેલા દેખાતા પોલીસ પણ ચોંકી ઉઠી હતી. હવે આ “ફ્રેક્ચર” સાચું છે કે બચાવની ચાલ, તે મુદ્દે પોલીસ દ્વારા ઊંડી તપાસ શરૂ કરવામાં આવી છે.હત્યા કેસની વિગતવાર વાત કરીએ તો, સુરતના ભેસ્તાનના ઓલ ખલીલ ટી સેન્ટર ખાતે બનેલી આ ઘટનામાં ઉત્તર પ્રદેશના વતની યુવાન શકીલની ચપ્પા અને લોખંડના પાઈપથી હત્યા કરવામાં આવી હતી, જ્યારે તેનો મિત્ર અલ્લુ ગંભીર રીતે ઘાયલ થયો હતો. પોલીસ મુજબ, અગાઉથી ચાલી રહેલી અદાવતને લીધે શકીલને જીવ ગુમાવવો પડ્યો છે, ઘટના સમયે આરોપીઓએ “તું મારા મિત્રને ઠપકો કેમ આપ્યો?” કહીને હુમલો કર્યો હતો. ધરપકડ વખતે શાહરૂખ અન્સારી હાથમાં ફ્રેક્ચર પટ્ટી સાથે આવ્યો હતો, જ્યારે ઈમરોઝે જણાવ્યું કે, તે બાઈક પરથી પડી ગયો છે. બંનેએ ઈજાના બહાને પોતાનો બચાવ કરવાનો પ્રયાસ કર્યો હોવાનું જણાય છે. ત્યારે એસીપી દીપ વકીલે જણાવ્યું કે, “બંને આરોપીઓએ ઈજાનું કારણ અલગ અલગ બતાવ્યું છે. તેમની મેડિકલ ફાઈલો મંગાવી છે. રિપોર્ટના આધારે ખબર પડશે કે ઈજાઓ વાસ્તવિક છે કે નાટક.”નોંધનીય છે કે, આ હત્યાકાંડ અને લસ્સી ગંગેના મુખ્ય સૂત્રધાર સલમાન લસ્સી પર સુરત શહેરના અલગ અલગ પોલીસ સ્ટેશનમાં ૧૨ ગુના, ઈમરોઝ દાલ ચાવલ પર ૪ ગુના અને અરબાઝ ઉર્ફે બાબા પઠાણ પર ૨ ગુના નોંધાયા છે. ચોંકાવનારી વાત એ છે કે ફરિયાદી સોહેલ ગુલામ શેખ પર પણ ૯ જુદા જુદા ગુના દાખલ છે.હાલ પોલીસ ફ્રેક્ચર સંબંધિત દસ્તાવેજોની ક્રોસ વેરીફિકેશન કરી રહી છે.






## તંત્રી લેખ...

# જોબ માર્કેટ પર દબાણ

કોરોના વાયરસના કારણે માત્ર ભારતમાં જ નહીં બલ્કે સમગ્ર દુનિયામાં દરેક ક્ષેત્રમાં ભીષણ મંદી આવી આવી ગઇ છે. ઉદ્યોગોની કમર તુટી ગઇ છે. લાંબા સમય સુધી લોકડાઉન રહ્યા બાદ આ પ્રકારની સ્થિતી સર્જાઇ ગઇ છે. એવા સમયમાં જોબ માર્કેટમાં દબાણ વધી રહ્યુ છે. રિપોર્ટ મુજબ લાખો કરોડો લોકોની નોકરી જતી રહી છે. આગામી દિવસો નોકરી કરનાર લોકો માટે વધારે ખતરનાક રહી શકે છે. જો કે નિષ્ણાંતો એ ક બાબત તો ચોક્કસ કહે છે કે એવી ધારણા ખોટી છે કે મોટી વયમાં સારી જોબ મળી શકે નહી. કોઇ પણ વયમાં સારી નોકરી મળી શકે છે તેમાં કોઇ બે મેત નથી. જો કે આના માટે તરીકા જુદા જુદા હોય છે. દરેક વયમાં જોબ શોધી કાઢવાની પ્રક્રિયા અને તરીકા બદલાતા જાય છે. આને લઇને પણ અભ્યાસની કામગીરી વિતેલા વર્ષોમાં નિષ્ણાંતો દ્વારા હાથ ધરવામાં આવી ચુકી છે. જેમાં કેટલીક મહત્વપૂર્ણ બાબત સપાટી પર આવી છે. દરેક વયમાં જોબ શોધવાની પદ્ધિતી સુ રહેલી છે તેના પર ધ્યાન આપવામાં આવે તો કેટલીક બાબતોને સારી રીતે સમજી શકાય છે. આ તો કડવી વાસ્તવિકતા છે કે વય વધવાની સાથે સાથે જોબ શોધવાની બાબત વધારે મુશ્કેલ રૂપ બનતી જાય છે. જોબ માર્કેટમાં કો પણ કંપની યુવાનોને પ્રથમ પ્રાથમિકતા આપે છે. આના માટેના કેટલાક કારણો હોય છે. ભારતમાં મોટા ભાગે હાયરિંગ મેનેજર અનુભવ કરતા વધારે યુવાનોને મહત્વ આપવામાં આવે છે. તેમને લાગે છે કે દેશમાં યુવાનો ખુબ મોટી સંખ્યામાં છે. જેથી ઓછા પૈસામાં વર્કફોર્સ જરૂરી પ્રમાણમાં મળી જાય છે. યુવાનો એનર્જીથી સજ્જ અને ભરેલા હોય છે. આયુવાનો લાંબા સમય સુધી કામ કરી શકે છે. હાયરિંગ મેનેજર વિચારે છે કે સતત ટેકનોલોજી બદલાઇ રહી છે અને આવી સ્થિતીમાં યુવાનો નવી ટેકનોલોજીને વધારે ઝડપથી સારી રીતે શિખી શકે છે. બિઝનેસ માહોલમાં અનુભવની કોઇ વેલ્યુ હવે રહી નથી. જુદી જુદી વયમાં જોબ સર્ચ કરતી વેળા જુદી જુદી રણનિતી અપનાવવામાં આવે છે. ૩૦ વર્ષની વયમાં જોબ સર્ચ પર ધ્યાન આપવામાં આવે તો કેટલીક વિગત ઉભરીને સપાટી પર આવી છે. કેટલીક સ્કીલ હાંસલ કરવામાં આવે છે. રેજ્યુમ પણ શાનદાર રાખવામાં આવે છે. કઇ રીતે પોતાના કેરિયરને દિશા આપી શકાય છે તે બાબત ઉપયોગી હોય છે. આ વયમાં પુરતા પ્રમાણમાં જોખમ લઇ શકાય છે. સાથે સાથે મનની વાત સાંભળી શકવાની સ્થિતી હોય છે. ખરાબ દિવસો માટે કેટલાક મહિનાના પગારને રીઝર્વ રાખવામાં આવે તે જરૂરી છે. દરેક પ્રકારના ઇન્ટરવ્યુ અને ઇન્ટરેક્શનથી કેટલીક નવી બાબત શિખવા મળે તે જરૂરી છે. દરેક સપ્તાહમાં છથી આઠ કલાકનો સમય સર્ચ અને એન્જોય તેમજ લર્ન માટે નક્કી કરવામાં આવે તો ઉપયોગી સાબિત થાય છે. એવા અવસરની શોધ કરવી જોઇએ જેના કારણે પ્રગતિની તક વધારે રહે છે. કામ પર પ્રભાવ છોડી શકાય તેવી કેરિયરની હમેંશા પસંદગી કરવાની વિચારણા કરવી જોઇએ. વર્તમાન કંપનીમાં સ્વૈચ્છા સાથે લીડરશીપ રોલ કરવા માટે તૈયારી રાખવી જોઇએ.

# બોસને રાજી કરવાના તરીકા શુ છે

નોકરી કરનાર દરેક વ્યક્તિ આ બાબત તો નિખાલસ રીતે સ્વીકાર કરે છે કે બોસની સાથ સારી ટ્યુનિંગ જળવાઇ રહે તે જરૂરી હોય છે. આના માટે દરેક કર્મચારી અલગ અલગ તરીકા અજમાવે છે. જો કે કેટલાક તરીકા એવા હોય છે દરેક પ્રકારના બોસને પ્રભાવિત કરે છે. આ તરીકા અજમાવીને કર્મચારીઓ બોસને ખુશ રાખી શકે છે. આના કારણે કર્મચારીને તેની કેરિયર બનાવવામાં ખુબ મદદ મળે છે. બોસને કેટલાક તરીકા અજમાવીને ખુશ રાખી શકાય છે. આજે આ લેખમાં અમે આ વિષય પર વાત કરી રહ્યા છીએ. પોતાના મેનેજરને સમજી લેવાની જરૂર હોય છે. દરેક મેનેજર જુદા જુદા હોય છે. જેથી કામને હેન્ડલ કરવાના તેમના તરીકા પણ જુદા જુદા હોય છે. સૌથી પહેલા તો મેનેજરની કામની પેટર્નને સમજી લેવાની જરૂર હોય છે. આના કારણે તેમના દ્વારા આપને આપવામાં આવેલા ગોલ્સને પૂર્ણ કરવામાં મદદ મળી શકે છે. જ્યારે આવુ થશે ત્યારે ગોલ્સને હાંસલ કરવામાં તમે પણ મહેનત સાથે આગળ વધી શકો છો. કોમ્યુનિકેશન કોઇ પણ સંબંધને મજબુત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરે છે. બોસ સાથે પણ કોમ્યુનિકેશન જાળવી રાખવા માટેની બાબત જરૂરી હોય છે. ગોલ્સ અને ટાર્ગેટને લઇને તેમને હમેંશા માહિતીગાર કરવામાં આવે તે જરૂરી હોય છે. આના કારણે બોસને આપની પ્રોગ્રેસ અંગે માહિતી મળતી રહે છે. આવી સ્થિતીમાં જો તમે કોઇ મુશ્કેલીમાં ફસાઇ જાવો છો ત્યારે આપના બોસને મદદ કરવામાં મદદ મળે છે. નાની નાની બાબતોને લઇને બસને પરેશાન કરવાની કોઇ જરૂર નથી. બોસ આપની મદદ માટે હમેંશા તૈયાર રહે છે પરંતુ નાની નાની બાબતોને લઇને બોસને હેરાન કરવાની બાબત મુશ્કેલીમાં મુકનાર તરીકે હોય છે. પોતાના લેવલ પર જ તમામ સમસ્યા અને અડચણોને દુર કરવાના પ્રયાસ કરવામાં આવે તે જરૂરી છે. જો તમને લાગે કે આ બાબતો આગળ ચાલીને તમને હેરાન કરશે અને મોટા ઇશ્યુ તરીકે રહેશે તો આવી સ્થિતીમાં બોસ સાથે વાતચીત કરવામાં આવે તે જરૂરી છે. જો તમને કોઇ જવાબદારી સોંપવામાં આવી છે તો તેને પૂર્ણ કરવાના તમામ પ્રયાસો કરવામાં આવે તે જરૂરીછે. આનાથી ભાગવાના પ્રયાસ કરવા જોઇએ નહીં. કોઇ બહાના કરવાના પ્રયાસ પણ કરવા જોઇએ નહીં. તે બોસ પર ખરાબ અસર કરે છે. બોસની સામે ખરાબ છાપના કારણે તે આપને મુશ્કેલીમાં મુકી શકે છે. પોતાના કામને વહેલી તકે પૂર્ણ કરીને પોતાનુ ૧૦૦ ટકા યોગદાન આપવાના પ્રયાસ કરવામાં આવે તે જરૂરી છે. કેટલીક વખત એવુ બને છે કે કોઇ મુદા પર બસ આપની સલાહ મેળવે છે. આવી સ્થિતીમાં જો આપને કામ સાથે સંબંધિત માહિતી છે તો તે ઉપયોગી સાબિત થઇ શકે છે.



## વડનગર, ગુજરાતનું એક પ્રાચીન નગર તેની ઉત્પત્તિ, વૃદ્ધિ અને સમૃદ્ધિનો લાંબો ઇતિહાસ ધરાવે છે.

**આ શહેર તેની બહુલવાદી સંસ્કૃતિ, જળ વ્યવસ્થાપન પ્રથાઓ અને વારસાની સાથે કીર્તિ તોરણ, હાટકેશ્વર મહાદેવ મંદિર, શર્મિષ્ઠા તળાવ વગેરે જેવા નોંધપાત્ર સ્થાપત્ય અને ઐતિહાસિક સ્મારકો માટે જાણીતું છે.**

# "અનંત અનાદિ વડનગર" વડનગરનો સર્વગ્રાહી વિકાસ

**વડનગર નગરનો ઉલ્લેખ આપણા પ્રાચીન સાહિત્ય અને ગ્રંથો જેમ કે પુરાણો, જૈન આગમ વગેરેમાં કરવામાં આવ્યો છે.**

વડનગર, ગુજરાતનું એક પ્રાચીન નગર તેની ઉત્પત્તિ, વૃદ્ધિ અને સમૃદ્ધિનો લાંબો ઇતિહાસ ધરાવે છે. એવું માનવામાં આવે છે કે તે૨૫૦૦ વર્ષોમાં ફેલાયેલા સાત અલગ-અલગ રાજવંશોની સમૃદ્ધ સાંસ્કૃતિક સંમેલન ધરાવે છે જે વિવિધ પુરાતત્વીય ખોદકામ અને શોધો દ્વારા જોવા મળે છે. આ શહેર તેની બહુલવાદી સંસ્કૃતિ, જળ વ્યવસ્થાપન પ્રથાઓ અને વારસાની સાથે કીર્તિ તોરણ, હાટકેશ્વર મહાદેવ મંદિર, શર્મિષ્ઠા તળાવ વગેરે જેવા નોંધપાત્ર સ્થાપત્ય અને ઐતિહાસિક સ્મારકો માટે જાણીતું છે. વડનગર નગરનો ઉલ્લેખ આપણા પ્રાચીન સાહિત્ય અને ગ્રંથો જેમ કે પુરાણો, જૈન આગમ વગેરેમાં કરવામાં આવ્યો છે. સ્કંદ પુરાણમાં "ચમત્કારપુરા", "અનર્ત પુરા", "આનંદપુર", "નગર" વગેરે તમામ નગરના લક્ષણો હોવાનું માનવામાં આવે છે. વડનગર તેના ઇતિહાસના વિવિધ તબક્કાઓ દરમિયાન. જૈન પરંપરા મુજબ ૫મી સદીમાં વડનગરમાં 'કલ્પ સૂત્ર'નું પ્રથમ જાહેર પાઠ યોજાયું હતું. Xuanzang, પ્રખ્યાત ચાઇનીઝ વિદ્વાન ૭મી સદી A.D.માં વડનગર ગયા હતા અને બૌદ્ધ શિક્ષણના મુખ્ય કેન્દ્ર તરીકે વડનગરનો આનંદપુર તરીકે ઉલ્લેખ કરે છે. આ નગર બહુવિધ પુરાતત્વીય ખોદકામનું સાક્ષી છે, જે સૌપ્રથમ ૧૯૫૩-૫૪માં થયું હતું. વધુમાં, ગુજરાત સરકારના પુરાતત્વ નિયામકની કચેરીએ ૨૦૦૫-૦૬ થી ૨૦૧૨-૧૩ સુધી અનેક સ્થળોએ



ખોદકામ હાથ ધર્યું હતું જેણે ૨૫૦૦ વર્ષોમાં સાંસ્કૃતિક ક્રમ સ્થાપિત કર્યો હતો. ૨૦૦૮માં, ખોદકામને કારણે એક પ્રાચીન બૌદ્ધ મઠ અને વોટિવ સ્તૂપના મુખ્ય તારણો મળ્યા હતા; ૧લી સદી CEની આસપાસ સ્થાપના કરી અને ૭મી સદી CE સુધી ચાલુ રહી. ૨૦૧૪માં, ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ (ASI) એ ખોદકામ હાથ ધર્યું હતું જેના કારણે વડનગર વિશે તેના પ્રારંભિક સંરક્ષણ માળખાં, ટકાઉ જળ વ્યવસ્થાપન પદ્ધતિઓ, શેલ બેંગલ ઉત્પાદન ઉદ્યોગ, મુખ્ય સિસ્મિક પ્રવૃત્તિઓના પુરાવા અને અનુકૂલન અને બાહ્ય દરિયાઇ વેપારના સંદર્ભમાં નોંધપાત્ર તારણો મળ્યા હતા. લિંક્સ વડનગરના ઇતિહાસ અને મહત્વને દર્શાવવા માટે, સંસ્કૃતિ મંત્રાલય, ભારત સરકાર અને ગુજરાત સરકાર દ્વારા વિવિધ વિકાસ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી રહી છે જેમ કે વડનગરનું મુખ્ય આયોજન અને સર્વાંગી વિકાસ, પુરાતત્વીય અનુભવ સંગ્રહાલય, પ્રેરણાઃ ધ વર્નાક્યુલર સ્કૂલ, ડોક્યુમેન્ટ્રી. વડનગર પર, વડનગરના ઇતિહાસ અને વારસા પર બહુવિધ શૈક્ષણિક સંશોધન પ્રોજેક્ટ.

- પુરાતત્વીય પ્રાયોગિક સંગ્રહાલય એક થીમ આધારિત મ્યુઝિયમ હશે જે ૨૫૦૦ વર્ષના સમયગાળા દરમિયાન સાત સાંસ્કૃતિક સમયગાળાના લેન્સ દ્વારા નગરના વિકાસને દર્શાવતું હશે અને સાથે ખોદકામ કરાયેલા સ્થળ દ્વારા ચાલવાના માર્ગનો પ્રથમ વખતનો અનુભવ હશે.
- માનનીય પ્રધાનમંત્રીના વિઝનના આધારે, આ પ્રકારનો પ્રથમ શાળા પુનઃવિકાસ પ્રોજેક્ટ "પ્રેરણા" કાઉન્ટીના યુવાનોને પરિવર્તનના ઉત્પ્રેરક બનવા માટે પ્રેરિત કરવા માટે હાથ ધરવામાં આવી રહ્યો છે. તે ભવિષ્યની શાળા તરીકેની કલ્પના કરવામાં આવી છે પરંતુ વિવિધ તકનીકો અને તકનીકોનો ઉપયોગ કરીને શિક્ષણ અને મૂલ્યોની પ્રેરણા સાથે.
- અનંત અનાદિ વડનગર નામની ડિસ્કવરી ચેનલ દ્વારા વડનગર પર એક ડોક્યુમેન્ટરી તૈયાર કરવામાં આવી છે, જે વર્ષોથી આ શહેરની વાર્તાનું વર્ણન કરે છે, તેની અવિરત સભ્યતા અને ઐતિહાસિક ઘટનાઓને નિષ્ણાતોની વાતચીત અને 3D એનિમેટેડ પુનઃનિર્માણ દ્વારા જીવંત બનાવે છે. રસપ્રદ દસ્તાવેજીનો દરેક એપિસોડ આ પ્રાચીન નગરના અનોખા ઇતિહાસને તેના ઇતિહાસ, જ્ઞાન પ્રણાલી, વૈવિધ્યસભર સંસ્કૃતિ, લોકોની સ્થિતિસ્થાપકતા, દરિયાઇ વેપાર અને ઔદ્યોગિક પ્રવૃત્તિઓ અને પુરાતત્વીય તારણો દ્વારા તપાસે છે. આ ડોક્યુમેન્ટરી વૈશ્વિક સ્તરે ૦૭મી જૂન ૨૦૨૩ના રોજ લોન્ચ કરવામાં આવશે
- વધુમાં, ગુજરાત સરકારે વિવિધ સંશોધન દરખાસ્તો પર કામ કરવા માટે રાષ્ટ્રીય (દેશની વિવિધ અગ્રણી શૈક્ષણિક સંસ્થાઓમાંથી પણ) અને આંતરરાષ્ટ્રીય સંશોધકોને લાવીને વડનગર પર હાથ ધરવામાં આવેલા સંશોધનને મજબૂત કરવા માટે એક અનોખું પગલું ભર્યું હતું. આ દરખાસ્તો હેઠળનો આદેશ વડનગરના ઐતિહાસિક મહત્વ, ધર્મ અને આસ્થાની ઉત્ક્રાંતિ, વેપાર અને વાણિજ્ય, કલા અને સ્થાપત્ય, ટકાઉ જળ વ્યવસ્થાપન પદ્ધતિઓ, ભૂકંપ સંબંધી પ્રવૃત્તિઓનું સંશોધન, ખોરાક અને આહારના વલણોના ક્ષેત્ર, સ્થળાંતર પેટર્ન અને વસ્તીમાં અભ્યાસ અને સંશોધન હાથ ધરવાનો છે..



## ગંગાનુ નામ સાંભળતાની સાથે જ મનમાં પવિત્રતા વધી જાય છે...

**ગંગા નદી ન હોત તો યમુના પણ ન હોત યમુના ન હોત તો દિલ્હી પણ ન હોત આવી રીતે જોવામાં આવે તો ગંગા ભારતની સૌથી મોટી ઓળખ તરીકે છે પરંતુ જો અમે થેમ્સને જોવામાં આવે તો કેટલાક પ્રશ્ન સપાટી પર આવી જાય છે**

# મંદિર કરતા ગંગાની સફાઇ જરૂરી છે

**જે લોકોએ ગંગાની કથા સાંભળી છે તેના માટે તો ગંગા દેવી કરતા ઓછી નથી : માતા તો ગંગા એમ પણ છે : સદીઓથી તે પેઢીઓની સેવા કરે છે**

ગંગાનુ નામ સાંભળતાની સાથે જ અમારા તમામના દિલમાં એક પવિત્રતાની વાત આવી જાય છે. પવિત્રતાની ભાવના વધી જાય છે. પવિત્રતાની ભાવના વધે તે સ્વાભાવિક પણ છે. કારણ કે જે લોકોએ પણ ગંગાની કથા સાંભળી છે તેમના માટે તો ગંગા દેવી સમાન છે. માતા તો ગંગા પહેલાથી જ તમામની છે. માતાને લઇને તો કોઇ શંકા નથી. કારણ કે અમારી કેટલી પેઢીઓની સેવા ગંગા દ્વારા કરવામાં આવી છે. તેના વગર ભારતની કલ્પના કરવી પણ યોગ્ય નથી. કારણ કે ભારતનો જન્મ જ તેના કારણે થયો છે. ગંગા નદી ન હોત તો યમુના પણ ન હોત. યમુના ન હોત તો દિલ્હી પણ ન હોત. આવી રીતે જોવામાં આવે તો ગંગા ભારતની સૌથી મોટી ઓળખ તરીકે છે. પરંતુ જો અમે થેમ્સને જોવામાં આવે તો કેટલાક પ્રશ્ન સપાટી પર આવી જાય છે. થેમ્સના કિનારે ઇંગ્લેન્ડ પાટનગર છે. આવી જ રીતે ભારત માટે ગંગા અને યમુના છે. થેમ્સને જોતા હેરાનગતિ થાય છે. કારણ કે તેના કિનારે મોટા મોટા જજાહો જોવા મળે છે. તે એક ભરપુર ભરાયેલી નદી તરીકે દેખાય છે. તેને જોઇને મનમાં આવે છે કે તે ભવિષ્યમાં પણ અનેક પેઢીઓની સેવા કરનાર છે. પરંતુ ગંગા અને યમુના સાથે એવી નથી. તેમની સ્થિતીને જોઇ શકાય છે. ગરમીની સિઝનમાં યમુનાને તો ઓળખી પણ શકાય નહી. તે નદીથી એક ગંગા નાળામાં ફેરવાઇ



જાય છે. તેમના અંગે વર્ષો પહેલા અભિનેતા રાજકપુરે યોગ્ય કહ્યુહતુ કે ગંગા પાપીઓના પાપ ધોતા ધોતા મેલી થઇ ગઇ છે. આજે મેલી ગંગાની હાલત ખુબ જ ખરાબ છે. આ બાબતથી ગંગાના કિનારે રહેનાર લોકો પણ વાકેફ છે. કમનસીબ બાબત એ છે કે ગંગા મેલી થઇ હોવા છતાં તેને સાફ કરવા તરફ કોઇ ગંભીર પ્રયાસ કરવામાં આવી રહ્યા નથી. જેના મન ગંગાની જેમ પવિત્ર છે તે લોકો જ જ આને સાફ કરી શકશે. મનમાં ખામી અને વેર ઝેર રાખીને તેને કોઇ સાફ કરી શકશે નહીં. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વારાણસીથી ચૂંટણી લડી હતી. જેથી સ્વાભાવિક રીતે માનવામા આવી રહ્યુ હતુકે તેઓ ગંગાની સફાઇની વાત કરશે અને મોદીએ કરી પણ હતી. મોદીએ કહ્યુ હતુ કે માતાએ તેમને બોલાવ્યા છે. તેઓ ગંગાને સાફ કરીને જ ઝંપશે. વારાણસીના લોકોને એ વખતે જ પુછી લેવાની જરૂર હતી કે સાફ તો કરશો પરંતુ કઇ રીતે કરાશે. મોદીએ ગંગાને સાફ કરવા માટે નમામિ ગંગે નામના પ્રોજેક્ટની જાહેરાત કરી હતી. આ પ્રોજેક્ટ તો પહેલાથી જ દમ તોડવાના કિનારે છે. કેગના રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે પહેલા ચાર વર્ષોમાં તે પ્રોજેક્ટ માટે નવિયત ૨૦ હજાર કરોડ પૈકી માત્ર પાંચ હજાર કરોડ રૂપિયાનો ખર્ચ કરી શકાયો હતો. જ્યારે રાષ્ટ્રના વડાપ્રધાન મોદી દ્વીરા કરવામાં આવેલા વચન છતાં તેને સ્વચ્છ કરવામાં આવી નથી તો કોઇ અન્યની પાસે આશા કઇ રીતે રાખી શકાય છે. શુ ગંગાને કોઇ સમય સાફ કરી શકાશે નહીં. જ્યારે દેશમાં આઠ આઠ લેનના માર્ગો બની શકે છે દુનિયાની સૌથી ઉંચી પ્રતિમા બની શકે છે અને બુલેટ ટ્રેન ચલાવવા માટેની તૈયારી થઇ શકે છે તો ગંગાને કેમ સાફ કરી શકાય નહી. ગંગા સ્વચ્છ થઇ શકે છે પરંતુ આ કામ કોઇ રાજકીય પાર્ટી કરશે તેને લઇને શંકા છે. મજબુત રાજકીય ઇચ્છાશક્તિ અને રાજકીય પક્ષપાતથી ઉપર ઉઠીને આ પ્રક્રિયા હાથ ધરી શકાય છે. ગંગાની સફાઇ એ વખતે જ શક્ય છે જ્યારે તે ભારતીય જનતા માટે એક ભાવનાશીલ મુદ્દો બને. જનતા પાસેથી ક્યા ક્યા કામ માટે સેસ લેવામાં આવતા નથી. ગંગાની સફાઇના મુદ્દા પર તમામ એનજીઓ એક સાથે આવી શકે છે. જનતા સેસ આપી શકે છે. અહીં સુધી કે લોકો પૈસા દાન કરીને મોટા ફંડની રચના કરી શકે છે. મોટા ભાગના લોકો માને છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી જ આ કામને સૌથી વધારે અસરકારક રીતે પૂર્ણ કરી શકે છે. કારણ કે તેમની ઇચ્છાશક્તિ તીવ્ર રહે છે. તેમના કેટલાક પ્રોજેક્ટ ખુબ જ ઝડપથી પૂર્ણ કરવામાં આવી ચુક્યા છે. ગંગા સફાઇને પણ પણ પ્રાથમિકતાના આધાર પર પૂર્ણ કરવામાં આવી શકે છે. ઇચ્છાશક્તિ સૌથી ઉપયોગી છે. અયોધ્યામાં રામ મંદિરના નિર્માણ માટે જે રીતે હિન્દુ સંગઠનો અને સંસ્થાઓ આગળ આવી રહી છે તેવી જ રીતે આ મામલે પણ તમામ લોકો આગળ આવે તે જરૂરી છે. રામ મંદિરના મામલે જે રીતે લોકોની ઇચ્છાશક્તિ રહે છે તેવી ઇચ્છાશક્તિ આમાં જરૂરી છે.

# હાર્ટ સાથે સંબંધિત રોગ અને કેન્સરની તકલીફનો ખતરો રનિંગથી ૩૦ ટકા સુધી ઘટી જાય છે : કોઇ પણ પ્રકારની રનિંગથી ફાયદો થાય છે

રનિંગ આરોગ્યની સાથે સાથે લાંબી વય માટે પણ ખુબ ફાયદાકારક હોય છે. પરંતુ આના માટે જરૂરી નથી કે દરરોજ દોડ લગાવવામાં આવે. અથવા તો તેના માટે દરરોજ વોકિંગ કરવાની બાબત પણ જરૂરી નથી. સપ્તાહમાં એક દિવસ ૫૦ મિનિટ અથવા તો તેનાથી ઓછા સમય માટે દોડ લગાવનાર વ્યક્તિ પણ સ્વસ્થ રહી શકે છે. એકંદરે દોડ લગાવવાની કોઇ પણ પદ્ધિત માનવીના આરોગ્ય માટે લાભકારક સાબિત થાય છે. આ માનવીના વહેલી તકે મોતના જોખમને પણ ટાળી દેવામાં નિર્ણાયક ભૂમિકા અદા કરે છે. રિપોર્ટ વિશ્વ આરોગ્ય સંગઠન દ્વારા જારી કરવામાં આવ્યા બાદ તેની ચર્ચા જોવા મળી રહી છે. આમા સાફ શબ્દોમાં કહેવામાં આવ્યુ છે કે શારરિક ગતિવિધીમાં ઘટાડો થવાના કારણે દર વર્ષે ૩૨ લાખ લોકોના મોત થઇ જાય છે. આ એવા લોકો હોય છે જે ઓફિસમાં બેસીને મોટા ભાગના કામ કરતા રહે છે. તેમના આરોગ્ય પર સૌથી વધારે માઠી અસર થાય છે. અભ્યાસમાં દાવો કરવામા આવ્યો છે કે દરરોજ દોડ લગાવનાર લોકો, સપ્તાહમાં કોઇ એક દિવસ દોડ લગાવનાર લોકો અને બિલકુલ દોડ નહીં લગાવનાર લોકોને આવરી લઇને અભ્યાસની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ શોધ કરતી વેળા ૨૫૯૫૧ લોકોને આવરી લેવામાં આવ્યા હતા. તેમની શારરિક ગતિવિધી પર નજર રાખવામાં આવી હતી. જે લોકો દોડ લગાવે છે તે લોકોને પણ આમાં સામેલ કરવામા આવ્યા હતા. અભ્યાસ બાદ જાણવા મળ્યુ છે કે રનિંગ કરનાર લોકો શારરિક ગતિવિધી નહીં કરનાર લોકોની સરખામણીમાં આરોગ્યમાં ખુબ શાનદાર રહ્યાહતા. તેમનામાં વહેલી તકે મોતનો ખતરો પણ ઓછો રહ્યો છે. દોડ લગાવનાર લોકોમાં વહેલી તકે મોતનો આંકડો ૨૭ ટકા ઓછો રહ્યો હતો. હાર્ટ સંબંધિત સમસ્યાઓનો ખતરો પણ ૩૦ ટકા ઓછો રહ્યો છે. કેન્સર સંબંધિત બિમારીનો ખતરો પણ ૨૩ ટકા સુધી ઓછો રહ્યો છે. બે લાખ કરતા વધારે લોકોને આવરી લઇને કરવામાં આવેલા અભ્યાસમાં કેટલીક ચોંકાવનારી બાબત સપાટી પર આવી છે. શોધ બ્રિટીશ જર્નલ ઓફ સ્પોર્ટસમાં પ્રકાશિત કરવામાં આવ્યા બાદ તેના તારણ જારી કરવામાં આવ્યા છે. અભ્યાસમાં સામેલ કરવામાં આવેલા તમામ લોકોની વય ૫થી ૫૫ વર્ષની વચ્ચે આંકવામાં આવી હતી. કેટલાક નિષ્ણાંતો તો કહે છે કે જો દોડવામાં ન આવે તો ચાલીને પણ કામ ચલાવી શકાય છે. દરરોજ વોકિંગ પણ અસરકારક સાબિત થાય છે. બ્રિટનમાં તાજેતરમાં જ કરવામાં આવેલા અન્ય એક અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે, ઝડપથી ચાલવાથી કેન્સરથી બચી શકાય છે. સ્તન કેન્સર અને આંતરડાના કેન્સરના મામલામાં ઝડપથી ચાલવાથી ઘટાડો નોંધાય છે. વર્લ્ડ કેન્સર રિસર્ચના વૈજ્ઞાનિકોનું કહેવું છે કે, હાર્ટના ધબકારા વધી જાય તેવી કોઇપણ કસરત કેન્સરથી બચવામાં મદદરૂપ નિવડે છે. શારીરિક કસરતથી સ્થૂળતામાં ઘટાડો થાય છે. ઉલ્લેખનીય છે કે, સ્થૂળતાના કારણે કેન્સરનો ખતરો વધી જાય છે. ડબ્લ્યુસીઆરએફના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, શારીરિક કસરત લાંબા સમય સુધી કરવાથી નાની મોટી અન્ય તકલીફો પણ દૂર થઇ શકે છે. વૈજ્ઞાનિકોના મતે અતિ ઝડપથી ચાલવા ઉપરાંત સાઇકલીંગ, સ્વિમીંગ, ડાંસ જેવી પ્રવૃત્તિથી પણ કેન્સરને ટાળવામાં મદદ મળી શકે છે. અભ્યાસના અહેવાલના મહત્વને બ્રિટનની દ્રષ્ટિએ પણ ઉપયોગી ગણવામાં આવે છે. આ બાબતના મજબૂત પૂરાવા મળ્યાં છે કે, સક્રિય શારીરિક ગતિવિધિથી કેન્સરથી બચી શકાય છે. આવી પ્રવૃત્તિ હાથ ધરીને હજારો કેસ ઓછા કરી શકાય છે. અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે, આરોગ્યને લગતા લાભ લેવા માટે દરરોજ કસરત સાથે સંબંધિત કેન્દ્રોમાં જવાની જરૂર નથી. દરરોજની પ્રવૃત્તિમાં થોડાક ફેરફાર કરીને સંકટને પણ ટાળી શકાય છે. ડો. થોમ્પસને ઝડપથી ચાલવાની બાબતને પોતાની દરરોજની ટેવમાં આવરી લેવાની સલાહ આપી છે. કેન્સર રિસર્ચ યુકે નામની સંસ્થાએ પણ ડબ્લ્યુસીઆરએફના પરિણામોને યોગ્ય ઠેરવ્યાં છે. નિયમિત રીતે સામાન્ય કસરતથી આંતરડાના કેન્સર અને સ્તન કેન્સરથી બચી શકાય છે.





Cyber Octet™

CYBER SECURITY AND
ETHICAL HACKING
TRAINING IN AHMEDABAD

BECOME A CYBER SECURITY SPECIALIST
WITH FALGUN RATHOD

## Learn Ethical Hacking & Cyber Security

**WHY JOIN CYBER OCTET ?**

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

